# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૬ તા.૨૩-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪.
મતદાન મથકો ધરાવતા રૂમોની જાળવણી કરવા બાબત.

સંદર્ભ:- નં.ઈએલસી/લો.સા.યુ./પોલીંગ સ્ટેશન/૨૦૨૪/તા.૧૪/૦૨/૨૪

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે. લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં મતદારો દ્વારા મતદાન કરવામાં આવનાર છે. તે મતદાન મથકો ભારત ચૂંટણી આયોગ દ્વારા નકકી કરવામાં આવેલ છે. તે સબબ આપની શાળામાં મતદાન મથકો આવેલ છે તે શાળાના મકાન/રૂમોમાં જ્યા સુધી ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ ફેરફાર કરવામાં આવે તો મતદારોને મતદાન કરવાના સમયે અસમંજસ ઉભી થાય અને મતદાનમાં વિક્ષેપ ઉભો થાય તેવી પણ શકયતા રહેલ છે. જેથી આપની શાળામાં મતદાન મથકો આવેલા છે તે શાળાના મકાન/રૂમોમાં કોઈ ફેરફાર કરવામા ન આવે તથા શાળાઓમાં ડિમોલીશનની કામગીરી હાથ ન ધરવા આવે તેની તકેદારી રાખવાની રહેશે તેમજ પીવાના પાણીની સુવિધા, રેમ્પ, લાઈટીંગની વ્યવસ્થા, શૌચાલયની વ્યવસ્થા, મતદાન મથકોના બારી-બારણા યોગ્ય સ્થિતિમાં હોય તે સુનિશ્ચિત કરવું. તદ્ ઉપરાંત શાળાના મકાનની ચાવી શાળા સમય બાદ જવાબદાર વ્યક્તિને આપી રાખવી અને જયારે મતદાન મથકની ચકાસણી માટે ચૂંટણી પંચ દ્વારા પ્રતિનિધિ મુલાકાતે આવે તે સમયે જવાબદાર વ્યક્તિ શાળામાં આવેલા મતદાન મથકે હાજર રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

તા.૨૩-૦૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી